# હા... સાહેબ !

"શું થયું સાહેબ ?! કોનુ નામ નક્કી કર્યુ ?!"

"થોડીક ધીરજ રાખો - સાંજ સુધીમાં નામ જાહેર થઈ જશે..!"

"ઓ હો..! એટલે પેલા નિરિક્ષકો 'સાહેબ' પાસેથી નામ લઈને આવશે એમ જ ને ?! અહીંની બેઠકમાં તો નિર્ણયનો દેખાડો જ થશે..!!"

"જો ભાઈ..! બધે આમ જ ચાલે છે. તમે જ કો' વિરોધ પક્ષના નેતાની ચૂંટણી થશે..?! એ ય ઉપરથી જ નામ આવશે ને..?!"

"હા...હા..! સત્તામાં વિકેન્દ્રિકરણના નામે કેન્દ્રીકરણ... બધે થતું જ હોય છે અને થતું જ રહેશે..!! આ પક્ષ હોય કે પેલો પક્ષ... કાગડા તો કાશી સુધી કાળા ને કાળા જ..!!"

"અરે... અમારૂ તો આજે કમલમ્‌માં ઉકેલાશે..! પણ પેલું મહેસાણામાં તમારા વાળા કરે છે શું..?! એ તો કો'..!!"

"મંથન ચાલે છે મંથન..! પક્ષમાં હાર-જીતના લેખાજોખા થાય છે..! પારદર્શક ચર્ચા ચાલે છે..! ઝીણી-ઝીણી બાબતો ખુલ્લેઆમ ચર્ચાય છે..! તમારા જેવું નથી..! એક જ બોલેને બધા સાંભળે..!!"

"...એટલે...તમારા ત્યાં બધાં બોલે ને બધા સાંભળે..?! કે, કોઈ કોઈનું સાંભળે નહીં..?!"

"ના...રે...ના... સાહેબ..! તમારા ખ્યાલો જુના થઈ ગયા જુના..! હવે તો... અમારો પક્ષ ટનાટન ચાલે છે..!! આ તો થોડા માટે રહી ગયા એટલે અમારે સાંભળવું પડે છે..! બાકી તો..!!"

"એ તો 'જો જીતા વો સિકંદર'... હવે તમારા મંથનમાં ઈવીએમથી હાર્યા... પૈસાથી હાર્યા... સત્તાના દુરૂપયોગથી હાર્યા... કોમવાદના વેરઝેરથી હાર્યા..! જે કો'તે... પણ હાર્યા એટલે હાર્યા..!!"

"તો સાહેબ..! તમેય સાંભળી લો... અમારી હારમાંય જીત છે..! અને તમારી જીતમાંય હાર છે..!! અહંકાર હાર્યો છે... અત્યાચાર હાર્યો છે... સત્તાનો દુરૂપયોગ હાર્યો છે... મંત્રીઓના ભાષણો હાર્યા છે.... પ્રેમ જીત્યો છે... નિખાલસતા જીતી છે..!!"

"ઓ હો હો..!! આવી સંતવાણી તમને શોભતી નથી..! તમારા પક્ષમાં શું શું થયું છે એ કંઈ દુનિયા જાણતી નથી..?! આપણે એની ચર્ચા ન કરીએ એ જ હિતમાં છે..! બાંધી મુઠ્ઠી સવાલાખની..!! અને તમે જ્યાં હાર્યા છો ત્યાં તમારા વાળાઓએ જ તમને હરાવ્યા છે."

"હવે રહેવા જ દેજો તમે... એ તો ભાજપમાંય જે હાર્યા છે તે ભાજપના કારણે જ હાર્યા છે..! ભાજપમાંય વિભિષણો ઓછા છે..?!

"સાચી વાત છે સાહેબ..! ઘર ફુટેજ ઘર જાય..!! એકતાના અને અખંડિતતાના ભાષણો કરતાં નેતાઓ પોતાના પક્ષની એકતા ટકાવી શકતા નથી એ એક ને એક બે જેવી વાત છે."

"અરે... એમાં નવું શું..? આ તો ઈતિહાસ છે..! ઘેર ઘેર કૈકેયી છે ને ઘેર ઘેર મંથરા છે પછી રાજકારણમાં તો હોય જ ને..?!"

"આ જ મોટી ભાંજગડ છે..! લોકસભા-વિધાનસભા અને ચૂંટણીસભાઓમાં થતા હોબાળા-ગાળાગાળી ને મારામારીના પડઘાને પ્રતિબિંબો શેરીઓમાં પડે છે... પરિવારોમાં પડે છે..!"

"સો ટકાની વાત તમે કરો છો..! આજના રાજકારણે જાહેર જીવનને ડહોળી નાંખ્યું છે..! ગામ-ગામ વચ્ચે, નાત-જાત વચ્ચે, પરિવાર-પરિવાર

● અનુસંધાન પાના - ૭ પર



રૂપાણી સરકારનું રાજીનામું : વિધાનસભા ચૂંટણી સંપન્ન થતાની સાથે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને તેમના મંત્રીમંડળે ગુરુવારે સાંજે રાજભવન પહોંચી રાજ્યપાલશ્રીને રાજીનામાનાં પત્રો સુપ્રત કર્યા હતા. રાજ્યપાલશ્રીએ નવી સરકાર ન રચાય ત્યાં સુધી કાર્યકારી મુખ્યમંત્રી તરીકે કામગીરી બજાવવા અનુરોધ કર્યો હતો. આજ સાંજે જ કમલમ્ ખાતે યોજાનાર ભાજપ વિધાનસભા પક્ષની બેઠકમાં અર્થાત્ નવનિર્વાચિત ધારાસભ્યો તેમના નવા નેતાની વરણી કરશે અને નવા મુખ્યમંત્રી અને મંત્રીમંડળની શપથવિધિ ૨૫મીએ યોજાશે.

# વિકાસકામોને સ્થાયી સમિતિની મંજૂરી

## સ્વચ્છતા મિશનના ડી.પી.આર.ને પણ મંજૂરી : પેથાપુર લેન્ડ ફિલ્ડ સાઈટ માટે ભરવાની થતી રકમની બાબતે ચર્ચા કરી પણ મુદ્દો મુલ્તવી રખાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં વિકાસના કામો માટે આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકે મંજૂરી આપી છે. આજે મળેલ સ્થાયી સમિતિએ બોરીજ અને ઈન્દ્રોડા ગામમાં આર.સી.સી.ના રોડ બનાવવાના કામ ઉપરાંત સે. ૨૪ અને સે. ૧૩માં ધોબીઘાટ બનાવવાના કામોને વહીવટીય મંજૂરી આપી છે.

ગાંધીનગર મહાનગર-પાલિકામાં બપોરે ૩ વાગે સ્થાયી સમિતિની મહત્વની બેઠક મળી હતી. આજની આ બેઠકમાં ઘનકચરાના વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની કામગીરી સંભાળતી એજન્સીની મુદત વધુ એક વર્ષ માટે વધારી દેવાની પણ મંજૂરી આપી છે.

આ ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકાના ફાયર સ્ટેશનના આધુનિકરણની સાથે બાકી રહેતી જમીન પર મનપાની કચેરીનું બિલ્ડીંગ બનાવવા માટે રૂ. ૧૮ કરોડના અંદાજ સાથેની દરખાસ્ત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડને મોકલી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સ્થાયી સમિતિની આજની બેઠકમાં સ્વચ્છ ભારત મિશનની ગાઈડલાઈન તથા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અન્વયે બનાવવામાં આવેલ પ્રોજેક્ટ રિપોર્ટને પણ બહાલી આપવામાં આવી છે.

આ ઉપરાંત વોટર ટેન્કર અને ટ્રેલર અને એમ.સી.વી. માઉન્ટેડ ટેન્કર ટ્રેક્ટર સાથે ખરીદ કરવાનો પણ નિર્ણય લેવામાં આવેલ છે.

સ્થાયી સમિતિની બેઠકમાં પેથાપુર ખાતે લેન્ડફિલ્ડ સાઈટ માટે રૂપાંતરિત વેરો તેમજ ન.પા.ને આપવાની થતી રકમને મંજૂરી આપવાની બાબત હાલ પુરતી મુલ્તવી રાખવામાં આવેલ છે. સ્થાયી સમિતિમાં સે. ૧૩ અને સે. ૨૪ ખાતે આધુનિક ડિઝાઈન સાથેના ધોબીઘાટ બનાવવા માટેની પણ મંજૂરી આપી દેવામાં આવી છે. ચૂંટણી પછી આ પહેલી સ્થાયી સમિતિ બેઠક હતી અને તેથી તેના પર સૌની નજર હતી. જો કે સ્થાયી સમિતિએ વિકાસના કામોને ફટાફટ મંજૂરી આપી દીધી હતી.

### બેઠકમાં ૪ સભ્યોની ગેરહાજરી

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં ૪ જેટલા સભ્યો ગેરહાજર રહ્યા હતા. મળતી વિગતો પ્રમાણે નીતિન પટેલ, કાર્તિક પટેલ, હર્ષાબા ધાંધલ અને નાઝાભાઈ આજે સામાજિક રોકાણોસર બેઠકમાં હાજર રહ્યા ન હતા. એક સાથે ૪ સભ્યોની ગેરહાજરીને લઈ આજે મનપા કેમ્પસમાં ચર્ચાઓ શરૂ થઈ હતી પરંતુ આ સભ્યો બહારગામ ગયા હોવાથી હાજર રહી શક્યા ન હોવાનું જાણવા મળેલ છે.

# શાળા-આરોગ્ય ચકાસણી અભિયાનનો આરંભ

ગાંધીનગર, તા. ૨૧

શાળા આરોગ્ય ચકાસણી અભિયાનનો શહેર અને જિલ્લામાં આજથી વિધિવત આરંભ થયો છે. ગાંધીનગર શહેરમાં ધોળાકુવા ખાતે એમ.ઓ.એચ. ડૉ. ગોસ્વામીની ઉપસ્થિતિમાં આ અભિયાનનો આરંભ થયો હતો.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩,લાખ ૧૧ હજારથી વધુ બાળકોને આ અભિયાનમાં આવરી લેવામાં આવશે જ્યારે શહેરી વિસ્તારમાં ૬૮ હજારથી વધુ બાળકોને આવરી લેવામાં આવનાર છે.

શહેરના ચારેય અર્બન સેન્ટરોમાં આજથી આ અભિયાનનો વિધિવત્ આરંભ થઈ ગયો છે. શહેરી વિસ્તારના બાળકોને ચકાસવા માટે શહેરી આરોગ્ય તંત્રએ ટીમો બનાવી છે એટલુ જ નહિ આઈસીડીએસ અને શિક્ષણ વિભાગ સાથે સંકલનમાં રહી આરોગ્ય સપ્તાહની ઉજવણીના વિવિધ કાર્યક્રમોને પણ આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. શહેરી વિસ્તારમાં ૩૫૭ જેટલા બાળકો જે શાળાએ જતા નથી તેમને પણ આ અભિયાનમાં આવરી લેવાનું આયોજન કરાયુ હોવાનું મનપાના સૂત્રોએ જણાવ્યું છે.

# આગામી અઠવાડિયે કાતિલ ઠંડીની આગાહી

ગાંધીનગર, તા. ૨૧

આગામી અઠવાડિયે કાતિલ ઠંડી પડવાની આગાહી જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે કરી છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ગ્રહોના સંયોગ પ્રમાણે ૨૫ અને ૨૬ ડિસેમ્બરે માવઠાની શક્યતા છે.

હમણાં થોડા સમય પૂર્વે કમોસમી વરસાદે ઉભા રવિ પાકમાં વિષમ અસરો કરેલ છે. ત્યારે વચ્ચે થોડો સમય બર્ફીલી ઠંડી આવતા રવિપાકો માટે સારી સ્થિતિ સર્જાવવામાં હતી. પુનઃ પશ્ચિમી વિક્ષેપે ફરી માવઠુ કરે તેવા સંજોગો ઉભા કરેલ છે. સામાન્ય રીતે સિંધ બાજુથી આવતા પવનોના લીધે ઉત્તર અરબી સાગરમાં વિશિષ્ટ હવામાનની સ્થિતિ સર્જાતી હોય છે અને આવા વખતે વાદળોના ફરકડા બનતા હોય છે. એટલે પુનઃ પશ્ચિમ વિક્ષેપની અસર છેક ઉત્તરભારતથી ગુજરાત સુધી રહે. તા. ૨૫ ડિસેમ્બર સુધી વાદળવાયુ અને કોઈ કોઈ સ્થળે કમોસમી વરસાદની શક્યતા રહે. વળી સવારના ભાગમાં ધુમ્મસભર્યુ વાતાવરણ રહેવાની સંભાવના રહે. આ અરસામાં દેશના ઉત્તરીય પ્રદેશોમાં ભારે હીમવર્ષા થવાની સંભાવના રહે.

જમ્મુ-કાશ્મીર, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશનો ભાગ તેમજ ગુજરાત સુધીના ભાગમાં ગાત્રો થીજવતી ઠંડીની શક્યતા રહે. જ્યારે તા. ૨૫ થી ૩૧ ડિસેમ્બર સુધી ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં ગાત્રો થીજવતી ઠંડીની શક્યતા રહે. જાન્યુઆરીની શરૂઆતમાં દિલ્હીના ભાગોમાં ન્યૂનતમ તાપમાન ૫ ડિગ્રીથી પણ નીચુ જવાની શક્યતા રહે. જ્યારે ગુજરાતના ભાગોમાં તા. ૨૮ ડિસેમ્બરથી જાન્યુઆરીની શરૂઆત સુધીમાં શીતલહેર વર્તાય. ગ્રહો તેમજ ભૌગોલિક દૃષ્ટિએ જોતા પણ ઠંડી, કમોસમી વરસાદ તેમજ ઠંડકના વરસાદની શક્યતા ઉત્તર ભારતના ઘણા ભાગોમાં રહે.



પાટનગરની મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતા તબીબી વિદ્યાર્થી ભાઈ-બહેનો છેલ્લા બે દિવસથી વિવિધ ડેની ઉજવણી કરી રહ્યા છે ત્યારે આજે ગ્રુપ-ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીએ ઓરેન્જ, બ્લેક અને વ્હાઈટ કલરના પોશાક પહેરી ડેની ઉજવણી ઉલ્લાસભેર કરી હતી.

# જિલ્લાની શાળાઓમાંથી ૧૨૫ પ્રવાસી શિક્ષકોને છુટા કરાશે

## વિવિધ વિષય શિક્ષકોની ઘટને અનુલક્ષી બે વર્ષ માટે પ્રવાસી શિક્ષકની યોજના અમલી બનાવાઇ હતી : નિયત સમય પુર્ણ થતા શિક્ષકોને છુટા કરાયા

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં છેલ્લા બે વર્ષથી ફરજ નિભાવતા પ્રવાસી શિક્ષકોને છુટા કરી દેવાયા છે. જિલ્લાની શાળાઓમાં ૧૨૫ જેટલા પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવી હતી. જયારે નિયત સમયના અંતે પણ પ્રવાસી શિક્ષકોની સેવા ચાલુ રહેશે તેવા કિસ્સામાં શિક્ષકો માટે નાણાંકીય જવાબદારી શાળા સંચાલક મંડળ તેમજ આચાર્યની રહેશે તેમ પણ જિલ્લા શિક્ષણાધિકારીએ જણાંવ્યુ છે.

ગાંધીનગર જિલ્લાની સરકારી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા વિશેષ હોવાના લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર થતી હતી. જયારે વિવિધ વિષય શિક્ષકોની ઘટના લીધે પરિણામની ટકાવારી પણ ઘટતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. એકબાજુ શાળાઓમાં પરિણામનુ શિક્ષણની ગુણવત્તા અને પરિણામનુ સ્તર સુધરે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા પ્રયાસો કરવામાં આવી રહયા છે. જયારે શાળાઓમાં શિક્ષકોની કાયમી ભરતી ન થાય ત્યાં સુધી શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકોની ઘટને ધ્યાને લઈ પ્રવાસી શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય લેવાયો હતો. શિક્ષકોને તાસદીઠ વેતન ચુકવી પ્રવાસી શિક્ષકની યોજના અમલી મુકવામાં આવી હતી.

જયારે આ યોજના અન્વયે ગાંધીનગર જિલ્લામાં પણ ધોરણ ૮ થી ૧૨ માં વિવિધ શાળાઓમાં જુદા જુદા વિષય શિક્ષકોની ઘટને અનુલક્ષી ૧૨૫ જેટલા પ્રવાસી શિક્ષકોને નિમણુંક આપવામાં આવી હતી. જયારે બે વર્ષના અંતે મુદત પુર્ણ થતા હવે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા આ પ્રવાસી શિક્ષકોને છુટા કરી દેવાનો આદેશ કરાયો છે. ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં વિવિધ વિષય શિક્ષકોની ઘટ હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર થતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. ત્યારે પ્રવાસી શિક્ષકોને છુટા કરતા શિક્ષકોની ઘટનો પ્રશ્ન સામે આવશે તેવો રોષ પણ શિક્ષણવિદોમાં પ્રવર્તયો છે. શિક્ષણ તંત્ર દ્વારા આગામી દિવસોમાં વિવિધ વિષય શિક્ષકોની ભરતી પ્રક્રીયા પણ હાથ ધરાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

# ભાજપની સામે ચૂંટણીમાં ખેડૂતોની નારાજગી દેખાઈ

રાજકોટ, તા.૨૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જે પરિણામ આવ્યા છે તેનાથી શાસક ભાજપની સામે ખેડૂતોએ નારાજગીના બિયા બોઈ નાખ્યા છે. જુદા જુદા પાક સાથે જોડાયેલા ખેડૂતોની નારાજગી ચૂંટણી પરિણામમાં સ્પષ્ટપણે ઉભરીને સપાટી ઉપર આવી છે. રાજકોટ, જુનાગઢ, દેવભૂમિ દ્વારકા, જામનગર, અમરેલી, ગીરસોમનાથ, ભાવનગર, પોરબંદર, કચ્છ, સુરેન્દ્રનગર અનએ બોટાદમાં મગફળી અને કપાસની વાવણી મોટાભાગે થાય છે. આ જિલ્લાઓમાં મગફળીની વાવણીનો આંકડો વધ્યો છે. આ તમામ વિસ્તારમાં ભાજપ અને કોંગ્રેસે જીતેલી સીટો પરથી ચિત્ર સ્પષ્ટ થઈ જાય છે. ૯મી ડિસેમ્બરના દિવસે સૌરાષ્ટ્રમાં પ્રથમ તબક્કાનું મતદાન યોજાયું હતું જેમાં ખેડૂતોએ ભાજપની સામે જોરદારરીતે તેમની નારાજગી વ્યક્ત કરી હતી. ભાજપને મોટો ફટકો પડ્યો છે. ખેડૂત સમુદાય તરફથી ભાજપને માત્ર ૧૬ અને કોંગ્રેસને ૨૯ સીટ મળી હતી. રાજકોટમાં ભાજપને ત્રણ અને કોંગ્રેસને બે સીટો મળી છે. ભાવનગરમાં ભાજપને ચાર અને કોંગ્રેસને એક સીટ મળી છે. જામનગરમાં કોંગ્રેસને ત્રણ, અમરેલીમાં કોંગ્રેસને પાંચ,

● અનુસંધાન પાના - ૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

વિના સહકાર નહિ ઉધાર
રજી. નં. સી.-૮૩ તા. ૧૭-૧૧-૧૯૬૫
હેડ ઓફિસ ફોન : (૦૨૭૪૮) ૨૨૨૧૩૨ ૨૨૨૦૭૭
ટેલી. નં. : ૨૪૦૨૦૩૦૦૦૪૦
ઘી ધાનેરા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., ધાનેરા
પ્લોટ નં. ૩૭/૧, ગંજબજાર, ધાનેરા-૩૮૫૩૧૦ (જી. બનાસકાંઠા)
E-mail : - Tpsudhanera@yahoo.com
શેર ભંડોર : - ૯,૯૯,૬૪૦/-
રીઝર્વ ફંડ : ૧,૦૫,૩૭,૯૩૯/-
અન્ય ફંડો :- ૨,૫૧,૭૫,૫૩૧/-
ઓડીટ વર્ગ :- અ
પટેલ મેહદાભાઈ કાજાભાઈ — ચેરમેનશ્રી
દેસાઈ મગનભાઈ વાલાભાઈ — વા. ચેરમેનશ્રી
પટેલ માસુંગભાઈ ઉકાભાઈ — મેનેજર
તથા સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રી તેમજ સ્ટાફ મિત્રો ઘી ધાનેરા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. ધાનેરા

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com